# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 26-03-2022

- **ખેતીવાડી ખાતાએ ખાનગી બીજ ઉત્પાદકોને પરિપત્ર કાઢી આડકતરો ઈસારો કર્યો કે "તમે જે હોય તે પડીકામા ભરો અને ખેડુતોને વેચો" અમે તમારામા આડા નહી આવીએ.- મનહર પટેલ**
- **રાજયમાં ખાનગી બીજ ઉત્પાદક કંપનીઓની સંશોધીત પાકની જાતો/હાઈબ્રીડ જાતોના સરકારમા રજીસ્ટ્રેશનની પ્રથા બંધ કરતો પરિપત્ર રાજ્ય સરકાર પરત ખેચે – મનહર પટેલ**

ગુજરાત રાજયના ખેતી નિયામકશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાક આઈક્યુ/સીડ-૨/૧૦૮૩૫-૧૦૮૮૧ / ૨૦૨૨ તા.૨૨.૦૨.૨૦૨૨ થી બહાર પાડવામા આવ્યો છે. તેમા ખેતીવાડી ખાતાના સંદર્ભમા જણાવ્યા મુજબ હાલમા જે રાજયમાં ખાનગી બીજ ઉત્પાદક કંપનીઓની સંશોધીત પાકની જાતો/હાઈબ્રીડ જાતોના રજીસ્ટ્રેશનની જે પ્રથા હતી તે બંધ કરવામાં આવેલ છે એટલે ખેતીવાડી ખાતા દ્વારા ખાનગી બીજ ઉત્પાદક કંપનીઓને સંશોધીત પાકની જાતો / હાઈબ્રીડ જાતોના રજીસ્ટ્રેશન / મંજુરી બાબતે કોઇ ચકાસણી કરવાની રહેતી નથી એટલે ખાનગી બીજ ઉત્પાદકો પોતાની જે પણ બીજની જાતો છે તે કોઈપણ પ્રકારના સરકારી નિરિક્ષણ કે ચકાસણી વગર ખેડુતોને સીધુ વેચી શકશે..

આમ ૨૦૨૨ મા ખરીફથી ખાનગી બીજ ઉત્પાદક કંપનીઓ બીજની જાતો સરકારી રાહે રજીસ્ટ્રેશન વગર અને ચકાસણી વગર સીધુ બજારમા મુકશે, એટલે હવે પછી કોઈપણ બીજ રાજય સરકારના ખેતીવાડી ખાતાની દેખરેખ વગરનુ બીજ ખેડુતોને મળશે અને એની સીધી સમજ ખાનગી બીજ ઉત્પાદકો હવે ખેડુતોના ખેતરને જ લેબોરેટરી બનાવશે.

ખાનગી બીજ ઉત્પાદક કંપનીઓ ઉપર રાજ્ય સરકાર આટલી ઓળ ઘોળ કેમ છે ? રાજયમા ખેડુતોને નબળા,હલકા અને ગુણવત્તા વગરના બીજનો અનુભવ દર વર્ષે થાય છે, તેમા તમામ બીજ ઉત્પાદક કંપનીઓને એક ત્રાજવે ન તોળાય એ સમજી શકાય પરંતુ સરકારની જવાબદારી બને છે કે ગુજરાતનો એક પણ નાનો કે મોટો ખેડુત નબળા અને ગુણવત્તા વગરના બીજનો ભોગ ન બને. અને ખેતી ઉત્પાદનનો સૌથી મોટો આધાર બીજ છે અને ત્યારે રાજ્ય સરકાર પરિપત્ર બહાર પાડીને ખેડુતોને ગુણવતાયુક્ત બીયારણ આપવાની જવાબદારીમાથી હાથ ઉંચા કરીને ખાનગી બીજ ઉત્પાદકોને સીધી અને આડકતરી રીતે એવો ઈસારો કર્યો કે તમે " જે હોય તે પડીકામા ભરો અને ખેડુતોને વેચો" અમે તમારામા અમે આડા નહી આવીએ.

ગુજરાત કોંગ્રેસના પ્રવકતા શ્રી મનહર પટેલે વધુ ઉલ્લેખ કરતા જણાવ્યુ કે રાજયમા ખેડુતો નબળા અને ગુણવતા વગર બીજનો ભોગ ન બને તેના પ્રોટેકશનમા રાજ્યની પુર્વ સરકારે ખુબ કડક કાયદાઓ બનાવેલા છે જેવા કે સીડ એક્ટ-1966, સીડ રૂલ્સ-1968, સીડ કંન્ટ્રોલ ઓર્ડર-1983, એન્વારોમેન્ટલ પ્રોટેકશન રુલ્સ એકટ-1986, એન્વારોમેન્ટલ પ્રોટેકશન રુલ્સ એકટ-1989 પરંતુ આમ છતાં નબળા અને ગુણવતા વગરના બીજના વપરાશથી લાખો ખેડુતો કરોડો રુપિયાની આર્થિક નુકશાની ભોગવી રહ્યા છે. આ મજબુત કાયદાઓ હયાત હોવા છતા રાજય સરકારની ઈચ્છાશક્તિને અભાવે અને ખેડુત વિરોધી માનસિકતાને લઈને છેલ્લા ૨૦ વર્ષમા ભાગ્યે જ ખેડુતોને આ કાયદાનુ પ્રોટેકશન મળ્યુ છે. આ કાયદાને વધુ સુદ્દઢ બનાવીને ખેતીવાડીના ઈન્પુટસની ગુણવતાની કાયમી રીતે ખેડુતોને ચિંતા મુક્ત કરવામા આવે એવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

રાજ્યના ખેડુતો ઈચ્છે છે કે તેમને ગુણવતાયુક્ત અને તંદુરસ્ત બીજ મળે તેમજ નબળા અને હલકા બીજનો કોઈ ખેડુત ભોગ બને અને આવી કોઈ ઘટના બને તો ખેડુતને ઉચિત વળતર મળે, આમ આ દિશામા ખેડુતોને સુરક્ષિત બનાવવાએ સરકારની પહેલી ફરજ છે માટે ખાનગી બીજ ઉત્પાદકો ઉપર સરકારી રાહે અમુક નિયંત્રણો ખુબ જરુરી છે. જો કે અનેક બીજ ઉત્પાદક કંપનીઓ સારી છે તે અહિયા નોંધવુ પડે પરંતુ તમામ ખાનગી બીજ ઉત્પાદકોને જરુરી સરકારી પ્રક્રીયામાથી પણ મુક્ત કરવાનો પરિપત્ર ખેડુતોની પરેશાની અને નુકશાની વધારનાર નિર્ણય છે.

આમ આ પરિપત્ર ખેડુત અને ખેતીને સુરક્ષિત કરવામા બાધારુપ છે જેથી તેને ત્વરીત પરત ખેચવા સમગ્ર રાજ્યના ખેડુતોની માંગ છે અને ખેડુતોની આ માંગને કોંગ્રેસ સમર્થન કરે છે.

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ
E mail : inc.manharpatel@gmail.com